# એક વાત લીલાછમ તડકાની

તમે કદાચ નહિ માનો! પરંતુ બીજી જ ક્ષણે એણે જે રૂપ પ્રગટાવ્યું, એ રીતે હું એને ઓળખતો જ નહોતો. પાંચસો રૂપિયાવાળી નોટોનાં બંડલોથી ખીચોખીચ ભરેલી સૂટકેસ આપીને મેં એને વહેલી સવારે મુંબઈ જતી ટ્રેનમાં બેસાડ્યો ત્યાં સુધી પણ મને એના પ્રત્યે એવો ખ્યાલ નહોતો આવ્યો કે ભાગેડુ પુરવાર થશે. અને મુંબઈ જવાના બદલે કલકત્તા પહોંચી જશે!

અને પેલી નમણી-નાજુક જીન્સ ગર્લ તો એની પાછળ જ પડી ગઈ, એ છોકરી મને ફ્રૉડ લાગી. પેલાની સૂટકેસ પર એની દાનત બગડી હોય એવું પણ મને લાગ્યું. પેલાને મેં મુંબઈ જતી ટ્રેનમાં બેસાડ્યો - બસ, એટલો જ એની સાથે મારો પરિચય. પેલી જીન્સ ગર્લ તો સાવ અધ્ધરથી ટપકી પડી હતી. એટલે એની સાથે તો મારે સહેજ પણ પરિચય નહિ! એ પણ પેલાની પાછળ પાછળ કલકત્તા પહોંચી ગઈ એટલે મારે પણ કલકત્તા સુધી ખેંચાવું પડ્યું! કલકત્તા પણ મારા માટે અજાણ્યું એટલે એ બંને જે વિસ્તારમાં ફર્યાં એ વિસ્તારમાં હું પણ એમની પાછળ પાછળ ફર્યો. કલકત્તા જોવાની અને કલકત્તામાં ફરવાની મારા મનમાં અદમ્ય ઇચ્છા હતી, પરંતુ મારે જ્યોતિ બસુનું કલકત્તા જોવું નહોતું - સત્યજિત રેનું કલકત્તા જોવું હતું. 'પાથેર પાંચાલી'નાં પાત્રોને રૂબરૂ મળવું હતું. નેવું નેવું કિલો વજનવાળા ત્રણ-ત્રણ માણસોને પગરિક્ષામાં બેસાડીને રિક્ષા ખેંચતા માણસના ઘર સુધી જઈને એના પરિવારનાં દર્શન કરવાં હતાં, પરંતુ મારાં એ બંને ભાગેડુ પાત્રો રવીન્દ્રનાથ ટાગોરના ફાનસવાળા જૂનાપુરાણા ઘર સુધી પણ મને લઈ ગયાં નહિ!

અલબત્ત, ઘણા બધા ગુજરાતી વિસ્તારોમાં એમણે મને ફેરવ્યો એ બદલ હું એ બંનેનો આભારી છું. હું તો છક થઈ ગયો! કલકત્તામાં પણ શું ગુજરાત ઊગ્યું છે અને ઊઘડ્યું છે! ટૂંકી જીભે બોલાતું હોય એ રીતે ગુજરાતી બોલતા પેલા પારસી બાવા સાથે મારો પરિચય કરાવ્યો એ કેમ ભુલાય? ખરેખર તો એ પારસી બાવાની ઓળખાણ પછી જ મારાં એ બંને પાત્રો મારી સમક્ષ ઓળખાતાં ગયાં - ઊઘડતાં ગયાં, અને એ પછી જ મને એમનામાં રસ પડવા લાગ્યો. અને ધીમે ધીમે 'લીલોછમ તડકો' નામની આ નવલકથા આકાર પામતી ગઈ - 'ગુજરાત ટુડે' દૈનિકમાં હપ્તે હપ્તે પ્રગટ થતી ગઈ, અને મારાં બંને પાત્રોને ઓળખવા માટેનો સમય પણ મળતો ગયો. મને એ પાત્રોને ઓળખવામાં જેટલો સમય લાગ્યો એટલો સમય તમને નહિ લાગે - તમને તો નવલકથા વાંચી જવામાં વાર કેટલી?

'ગુજરાત ટુડે' દૈનિકના ચૅરમૅન શ્રી તિર્મીઝીસાહેબની મારા પ્રત્યેની લાગણી અને તંત્રી શ્રી અઝીઝ ટંકારવીનો - બેચેન કરી નાખતી કડક ઉઘરાણી જેવો આગ્રહ ના હોત તો આ નવલકથા હપ્તે હપ્તે લખાઈ પણ ન હોત. આ બંને મહાનુભાવોનો આભાર

વ્યક્ત કરવો જોઈએ, એવું સતત લાગ્યા કરતું હોવા છતાં અમારી વચ્ચેનું 'પોતાપણું' ઝંખવાય એ ભયથી મારે ચૂપ રહેવું પડે છે! અને મારા વાચકો... વાચકોને તો કેમ ભુલાય! એમણે તો મને મારી ઓળખ આપી છે! એ બધા આંગળી ચીંધતાં સંકોચાય નહિ એ માટે પ્રગટરૂપે એમનો આભાર વ્યક્ત કરવાને બદલે મનોમન હું એમનું ઋણ સ્વીકારું છું.

- ખલીલ ધનતેજવી

ટ્રેન આવવાના પંદર મિનિટ પહેલાં એ સ્ટેશન પર આવી ગયો હતો. એણે ઘડિયાળમાં જોયું.

મનોમન પોતાની જાતને ઠપકારી.

'મારે આટલું વહેલું આવવાની શી જરૂર હતી? હવે આ ટ્રેન માટે પંદર મિનિટ ટાંપી રહેવું પડશે!'

આમ તો પંદર મિનિટ કંઈ વધારે સમય ના કહેવાય, પરંતુ રાહ જોવાની સ્થિતિમાં તો એકએક ક્ષણ આકરી લાગે છે.

એણે બુકિંગ વિન્ડો તરફ જોયું. ટિકિટ લેનારાઓની બબ્બે લાઇનો લાગી હતી. ટિકિટ મેળવવા આવી લાંબી લાઇનમાં ઊભા રહેવાનું હોય તો પંદર મિનિટ તો શું ખાસો અર્ધો કલાક વહેલા આવવું પડે. લાઇનમાં ઊભા રહ્યા પછી સમયનું ભાન જ કોને રહે છે?

પણ મેહુલને ટિકિટ લેવા ક્યાં લાઇનમાં ઊભા રહેવાની જરૂર હતી? એની પાસે તો રિઝર્વેશન હતું. ગાડી ઊપડવાની બે મિનિટ પહેલાં પણ એ આવ્યો હોત તો પણ આરામથી ગાડીમાં બેસી શક્યો હોત!

એણે ફરી ઘડિયાળમાં જોયું. સવારના પાંચ વાગ્યા હતા. પૂર્વાકાશમાંથી અંધકાર ભેદીને ઊગતા ભૂખરા અજવાળાના આક્રમણથી સ્ટેશન પરના દીવાઓ ઝાંખા લાગવા માંડ્યા હતા અને રોશનીને પેલે પાર પોચું પોચું ધુમ્મસ વર્તાવા લાગ્યું હતું.

મેહુલ પાસે એક મોટી વજનદાર બૅગ હતી. અને ખભે ઍરબૅગ લટકતી હતી. થોડી વારે એને હાથમાંની બૅગનો ભાર લાગવા માંડ્યો. એણે હળવેથી એ બૅગ પોતાના પગ પાસે મૂકી દીધી, પણ એ બૅગ મૂકતાં જ એના શરીરમાં

ભયનું લખલખું ફરી વળ્યું! આવી કીમતી બૅગ આમ છૂટી મૂકી દેવાતી હશે?

એણે તરત જ નીચે મૂકેલી બૅગ ઉપાડી લીધી.

એના મનમાં થોડો કચવાટ થયો - 'સાલું શું નસીબ છે? જીવનમાં પહેલી વાર પ્લેનમાં બેસીને અધ્ધર ઊડવાની તક મળી હતી એ પણ એના બૉસે આંચકી લીધી. અને ઍરપૉર્ટ જવાને બદલે આ રેલવે પ્લૅટફૉર્મ પર ધકેલી દીધો. રાતે પ્લેનમાં જવાનું થયું હોત તો અત્યારે તો હું દિલ્હીની કોઈ આલીશાન હોટેલના કમરામાં સવારના પાંચ વાગ્યાની ગુલાબી ઊંઘ માણતો હોત! પણ એને બદલે અત્યારે હું બગાસાં ખાતો ટ્રેનની રાહ જોતો ઊભો છું! ક્યાં ઍરપૉર્ટ અને ક્યાં આ રેલવેસ્ટેશન!'

મેહુલ કચવાટભરી નજરે આમતેમ જોવા લાગ્યો. પૅસેન્જરોની ભીડમાં ઉમેરો થવા લાગ્યો હતો. બધા નાહી-ધોઈને, સજી-શણગારીને આવ્યા હતા. છતાં એમની આંખોમાં કાચી ઊંઘનું ઘેન ઘૂંટાતું સ્પષ્ટ જોઈ શકાતું હતું. એણે ચારે બાજુ નજર ફેરવી. કેટલાક લોકો ગ્રુપમાં ઊભા હતા. કેટલાક છૂટાછવાયા ઊભા કે હરતાફરતા દેખાતા. કેટલાક બાંકડા પર કબજો જમાવીને બેસી ગયા હતા. એમાંના કેટલાક તો ઊંઘતા હોય એ રીતે આંખો મીંચીને વાંકી ગરદને બેઠા હોય. મેહુલ માટે આ રીતે ઊંઘવું કે આંખ મીંચીને કાચી ઊંઘને શેકવાનું શક્ય નહોતું. એની પાસે જોખમ હતું.

બૅગ ઊંચકી રાખેલો હાથ દુઃખવા માંડ્યો. આ વખતે એણે બૅગને નીચે મૂકવાને બદલે બીજા હાથમાં લઈ લીધી અને એ રીતે દુઃખી ગયેલા હાથને છુટકારો અપાવ્યો.

મેહુલે બુકસ્ટૉલ પરથી છાપું ખરીદ્યું અને હાથમાં જ પકડી રાખ્યું. છાપું વાંચવામાં એ સમય પસાર કરી શક્યો હોત, પણ એના એક હાથમાં વજનદાર બૅગ હતી ને એક ખભે ઍરબૅગ લટકતી હતી. ખભા પરની ઍરબૅગ તો છાપું વાંચવામાં નડતરરૂપ નહોતી, પણ હાથમાંની બૅગ એને છાપું વાંચતાં રોકતી હતી. છાપું ખોલવા અને વાંચવા માટે બંને હાથનો ઉપયોગ કરવો પડે તેમ હતું અને એનો એક હાથ તો બૅગ ઊંચકવામાં રોકાયો હતો. બૅગને નીચે મૂકવાની એની હિંમત ચાલતી નહોતી. આમેય એને છાપું વાંચવાની ઉતાવળ નહોતી. એ હંમેશાં ટ્રેનમાં બેઠાં પછી જ છાપું વાંચતો અને ક્યારેક સીટ પર બેસવાની જગ્યા ન મળી હોય ને રાતનો પ્રવાસ હોય તો એ જ અખબાર પાથરીને લહેરથી ઘસઘસાટ ઊંઘી જતો હતો. આમ અખબારનો એ બે રીતે ઉપયોગ કરતો હતો. એટલે જ્યારે પણ એ પ્રવાસમાં નીકળતો ત્યારે અખબાર તો એની પાસે અચૂક

હોય જ! અથવા એમ કહી શકાય કે અખબાર એની આદત હતી અને આજે પણ એ આદતવશ જ એણે છાપું ખરીદ્યું હતું.

એકાએક એને પ્લેનની મુસાફરીની યાદ આવી ગઈ. પ્લેનમાં ઊડવાની તક ગુમાવીને ટ્રેનમાં સફર કરવી પડે એ વિશે એનું મન કચવાતું રહ્યું. એ મનોમન પોતાના બૉસ મિસ્ટર દિનેશ આચાર્યને ગાળો દેતો રહ્યો.

ટ્રેન આવી.

પ્લૅટફૉર્મ પર તીવ્ર હલચલ પેદા થઈ ગઈ. પોતપોતાનાં બૅગ-બિસ્તરા ઉપાડીને બધા ઉતાવળા પગે ટ્રેન તરફ સરકવા લાગ્યા. મેહુલ પણ હંમેશની આદત મુજબ હાંફળોહાંફળો થતોકને ટ્રેન તરફ ધસ્યો. કોઈની સાથે અથડાયો પણ ખરો. બધા ઉતાવળમાં હતા એટલે કોણ કોની સાથે, શા માટે અથડાયો એ જોવાની કોઈને ફુરસદ નહોતી. મેહુલ સાથે જે માણસ અથડાયો એણે મેહુલ તરફ જોયું પણ નહિ અને આગળ વધી ગયો, પણ મેહુલને એ જ વખતે ખ્યાલ આવી ગયો કે ટ્રેનમાં બેસવા માટે મારે આવો રઘવાટ કરવાની શી જરૂર ? મારી પાસે તો રિઝર્વેશન છે. મારે શા માટે આ ભીડ વચ્ચે હડિયાદોટ કરવી પડે!' એણે ખિસ્સામાંથી ટિકિટ કાઢીને રિઝર્વેશન કોચના નંબરની ફરી એક વાર ખાતરી કરી લીધી અને પછી એ દિશાએ સાવધાનીપૂર્વક આગળ વધવા માંડ્યો. એ પોતાના ડબ્બા પાસે જઈને ઊભો રહ્યો. બહાર મૂકેલા બોર્ડ પર નજર ફેરવી. પછી ધીમેથી કમ્પાર્ટમેન્ટમાં પ્રવેશી ગયો અને પોતાની સીટ પર જઈને બેઠો! સીટ પર બેસતાં જ એણે અદ્‌ભુત રોમાંચ અનુભવ્યો! નરમ નરમ બેઠક અને વાતાનુકૂલિત ઠંડકનો સ્પર્શ થતાં ઘડીભર તો પ્લેનમાં બેસવાની વાત જ ભૂલી ગયો!

આમ તો ઘણી વાર એ રેલવેમાં પ્રવાસ કરી ચૂક્યો છે. લોકલ ટ્રેનમાં ભીડ ન હોય ત્યારે એ આખી સીટ પર લંબાવીને સૂઈ જાય. ક્યારેક ઉપરના પાટિયે પણ એને બેસવું પડ્યું છે ને ક્યારેક ભીડને ચીરીને આગળ વધવાની જગ્યા ના મળે ત્યારે પૅસેજમાં જ સંડાસ પાસે - સાવ નીચે પલાંઠી વાળીને બેસવામાંય એણે નાનમ અનુભવી નથી અને આવતા-જતાની ઠોકરો ખાઈને પણ ચિડાયો નથી! પ્લૅટફૉર્મ પર ટ્રેન આવીને પૂરેપૂરી થોભે તે પહેલાં જ એ પડાપડી કરવા લાગતો. ભીડમાં માથું મારીને કે ધક્કામુક્કી કરીને ટ્રેનના ડબ્બામાં ચડી જવામાં એને કશું અજુગતું લાગ્યું નથી. વિવેક કે મૅનર્સનો પ્રશ્ન એને ક્યારેય નડ્યો નથી.

પરંતુ ફર્સ્ટક્લાસ વાતાનુકૂલિત કમ્પાર્ટમેન્ટમાં મુસાફરી કરવાનો આજે એને પહેલવહેલો મોકો મળ્યો હતો. બહુ બહુ તો એણે ક્યારેક ક્યારેક રિઝર્વેશન મેળવ્યું હોય તો એ પણ થ્રી ટાયર કે ટુ ટાયર સ્લીપરથી આગળ વધ્યો નહોતો,

ફર્સ્ટક્લાસમાં તો નહિ જ! તેમાં વળી વાતાનુકૂલિત કોચની તો એ કલ્પના પણ કરી શકતો નહોતો. એનો જ તો એને રોમાંચ હતો. ધક્કામુક્કીની વાત તો બાજુ પર, આજે એ વાતાનુકૂલિત કમ્પાર્ટમેન્ટમાં પ્રવેશ્યો અને પોતાની બેઠક સુધી પહોંચ્યો ત્યાં સુધી એને કોઈ સામું પણ મળ્યું નહિ! એ પોતાની સીટ પર આવીને બેઠો ત્યારે એના અંગ અંગમાં ઠંડી આહ્‌લાદકતા વ્યાપી ગઈ. પ્લૅટફૉર્મ પરના માનવ પરસેવાની તીવ્ર ગંધ અને શ્વાસ ફુલાવી દેતા ભારેખમ બફાટમાંથી અચાનક માણસ વાતાનુકૂલિત સ્થાન પર ગોઠવાઈ જાય તો રોજના ટેવાયેલાઓને પણ આ પલટો રોમાંચિત કરી જ જાય! મેહુલ તો આજે પહેલી જ વાર ઍરકન્ડિશન્ડ કોચમાં બેઠો હતો. અને કેવો અને કેટલો રોમાંચ થયો હશે, એ તો કોઈ એના જેવો જ સમજી શકે.

જોકે આ સ્વર્ગ એને રસ્તામાં મળ્યું નહોતું. એને તો આજે પ્લેનમાં ઊડવાની તક મળી હતી. એ તક ઝૂંટવી લઈને એને ટ્રેનમાં જવાની ફરજ પાડવામાં આવી હતી! ભલે, વાતાનુકૂલિત કમ્પાર્ટમેન્ટ હોય તો પણ પ્લેનમાં ઊડવાની તોલે તો ન જ આવેને! વાતાનુકૂલિત ડબ્બામાં બેસવાથી નરમ બેઠક અને ઠંડક સિવાય બીજો કશો ઝાઝો ફરક એને વર્તાતો નહોતો. ટ્રેન નીચે કચડાતા પાટાનો એ જ પરિચિત અવાજ! બારી બહાર દૃષ્ટિ જતાં ઝડપથી પસાર થઈ જતાં ઝાડવાંઓની જ પરિચિત ગતિ અને એ જ ઘૂમરી ખાતાં દૂરદૂરનાં ખેતરો! અનેક વાર જોઈ ચૂક્યો છે આ બધાં દૃશ્યો. અનેક વાર સાંભળી ચૂક્યો છે પાટાનો કર્કશ ધ્વનિ! અને ટ્રેનની પણ એ જ ગતિ! આ બધું એણે જોયેલું હતું - અનુભવેલું હતું. પ્લેનમાં ગયો હોત તો આમાંનું પરિચિત એવું કશું જ એને જોવા ન મળ્યું હોત. બધું જ નવું હોત, બધું જ અજાણ્યું હોત! દોઢબે હજાર ફૂટ ઊંચે ઊડતા વિમાનમાંથી નીચેની ધરતીનું દૃશ્ય જોઈને એ ધન્ય થઈ ગયો હોત. પણ એવી ધન્ય તક છેક છેલ્લી ઘડીએ એના હાથમાંથી ઝૂંટવાઈ ગઈ હતી.

કમ્પાર્ટમેન્ટમાં એ એકલો જ હતો અને છેક મુંબઈ સુધી એકલો જ રહેવાનો હતો. આ સ્થિતિ એને થોડીક કંટાળાજનક લાગી. ગાડી સ્ટેશન છોડી ચૂકી હતી અને એની ગતિમાં વેગ આવ્યો હતો. મેહુલે નાનકડા કમ્પાર્ટમેન્ટમાં નજર ફેરવી લીધી. પછી એણે સમય પસાર કરવા છાપું હાથમાં લીધું. ફ્રન્ટપેજ પરની હેડલાઇન એને કંપાવી ગઈ. એક ભયંકર વિમાન હોનારત સર્જાઈ હતી અને પ્લેનમાં મુસાફરી કરતા તમામ ઉતારુઓ અને વિમાનના કર્મચારીઓ વગેરેમાંથી કોઈ બચવા પામ્યું નહોતું. એણે વિગતવાર સમાચાર વાંચવા માંડ્યા. વડોદરાથી દિલ્હી જવા માટે રાતે દસ ને વીસે રવાના થયેલી ફ્લાઇટને દિલ્હી વિમાની મથકે ઉતરાણ કરવાની થોડી મિનિટો પહેલાં જ હોનારતનો ભોગ બનવું પડ્યું

હતું. સમાચારમાં જણાવાયું હતું કે વિમાનના કૉકપિટમાં અચાનક જબરજસ્ત ધમાકા સાથે વિસ્ફોટ થયો હતો અને એ સાથે જ આખું વિમાન ટુકડેટુકડા થઈને પટકાઈ પડ્યું હતું. વિમાનના કેટલાક ભાગો દૂર દૂર સુધી વેરાયા હતા. એ જ રીતે એમાં મુસાફરી કરી રહેલા માણસો અને કર્મચારીઓના શરીરના ફુરચેફુરચા ઊડી ગયા હતા. અને શરીરના ટુકડાઓ દૂર દૂર સુધી વેરાયા હતા. આમાં સૌથી વધુ દુઃખદ બીના એ હતી કે હોનારતનો ભોગ બનેલાઓમાંથી કોઈ પણ લાશ કે કોઈ પણ ચહેરો ઓળખી શકાય તેવો રહ્યો નહોતો.

ઍરકન્ડિશન્ડ ડબ્બાની ઠંડકમાં બેઠો હોવા છતાં વિમાન હોનારતના સમાચાર વાંચીને મેહુલને પરસેવો છૂટવા માંડ્યો હતો. એના મુખેથી સહસા ઉદ્ગાર સરી પડ્યો - 'બૉસનું શું થયું હશે?'

વિમાન દુર્ઘટનાના સમાચાર જે જગ્યાએ પ્રસિદ્ધ થયા હતા, એ જ જગ્યાએ બૉક્સ આઇટમ તરીકે મૃતકોનાં નામની યાદી આપવામાં આવી હતી. એણે ઝડપથી મરણ પામેલાઓનાં નામની યાદી વાંચવા માંડી. દસ નામો ઝડપથી વાંચી ગયા બાદ અગિયારમા નામ પર એ સહસા અટકી ગયો. એની નજર કંપી ગઈ. એ કંપ એના આખા શરીરમાં ફરી વળ્યો, એ અગિયારમા નામથી આગળ વધી શક્યો નહિ. એ અગિયારમું નામ એનું પોતાનું હતું! એ અત્યારે સુપરફાસ્ટ ટ્રેનના વાતાનુકૂલિત કમ્પાર્ટમેન્ટમાં જીવતો-જાગતો બેઠો હતો છતાં વિમાન દુર્ઘટનામાં માર્યા ગયેલાઓની યાદીમાં એને કાયદેસર મરણ પામેલો જાહેર કરવામાં આવ્યો હતો. એ સ્તબ્ધ થઈ ગયો. થોડી વાર તો એને કશી સૂઝ પડી નહિ! પોતાના મસ્તકમાં છવાઈ ગયેલા મૃત્યુના ભ્રમને ટાળવા માટે એકાએક એ ઊભો થયો, અને સામેના છેડે જઈને બેઠો. એમ કરીને એણે પોતે જીવતો હોવાની ખાતરી કરી લીધી! એ ધ્યાનથી ટ્રેનની ગતિનો અવાજ સાંભળતો રહ્યો. ટ્રેન પૂરઝડપે દોડી રહી હોવાની અનુભૂતિ પણ એને થઈ. પોતે જીવતો હોવાની આ બીજી સાબિતી હતી!

'તો બૉસનું શું થયું?'

એણે ફરી મૃતકોની યાદી પર નજર ફેરવવા માંડી. એના બૉસ દિનેશ આચાર્યનું આખી યાદીમાં ક્યાંય નામ નહોતું! ફરી અગિયારમા નામ પર આવીને એની નજર સ્થિર થઈ ગઈ. એ એનું - પોતાનું જ નામ હતું! કેટલું ચોખ્ખેચોખ્ખું લખ્યું હતું - 'મેહુલ એચ. મર્ચન્ટ. ઉંમર છવ્વીસ વર્ષ, રહેવાસી વડોદરા.

પણ હું તો આ સુપરફાસ્ટ ટ્રેનમાં બેસીને મુંબઈ જઈ રહ્યો છું. હું ફ્લાઇટમાં બેઠો જ નથી પછી મર્યો કેવી રીતે?'